## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



લાગે છે કે અચ્છે દીન ફરીથી આવે છે...!!

# શહેરના ટોપર્સને ડોકટર અને આઈ.એ.એસ. બનવાની ખેવના

### કોઇપણ વિષયમાં પાયાનુ શિક્ષણ મજબુત બનાવવુ અનિવાર્ય : રીવિઝન, પેપર રાઇટીંગ તેમજ કિશોર સરના સતત પ્રોત્સાહનના લીધે તેજસ્વી પરિણામ પ્રાપ્ત કર્યુ

ગાંધીનગર તા ૨૧

ધો -૧૦માં ટોપર્સમાં સ્થાન મેળવનાર તેજસ્વીઓએ ડોકટર તેમજ આઇ એસ અધિકારી બનીને દેશ અને સમાજની સેવા કરવી છે. આર જી પટેલની વિદ્યાર્થીની નિધી સવજીભાઇ ભલાલા જણાંવે છે કે વિદ્યાર્થીઓને અનામત નહી પરંતુ મહેનતનુ ફળ જ મળવુ જોઇએ.નિધીના પિતા સવજીભાઇ જીઇબી પાવર સ્ટેશનમાં નોકરી કરે છે. જયારે માતા કૈલાસબેન હાઉસ વાઇફ છે.

નિધીએ ગણિતમાં ૯૯ અને વિજ્ઞાનમાં ૯૮ ગુણ પ્રાપ્ત કર્યા છે. શાળાના શિક્ષકો તેમજ માતા પિતાના સહયોગ ઉપરાંત કિશોરસરની મહેનતથી તેજસ્વી પરિણામ મેળવ્યુ હોવાનુ પણ તેણીએ જણાંવ્યુ હતુ. નિધીના જણાંવ્યા મુજબ કિશોરસરની મહેનત અને સતત પ્રોત્સાહન પરિણામ માટે જવાબદાર છે. માઉન્ટ કાર્મેલ સ્કુલની મેશ્વા પટેલના મતે ધાર્યા કરતા પરિણામ ઓછુ મળ્યુ છે. છતા સંતોષ છે. આગળ બી ગૃપમાં અભ્યાસ કરીને ડોકટર બનવુ છે.

મેશ્વા સાબરકાંઠાથી ગાંધીનગર માત્ર અભ્યાસ માટે આવી હોવાનુ જણાંવતા ઉમેરે છે કે ગાંધીનગરમાં કિશોરસરના વર્ગોમાં અભ્યાસ કરવા માટે આવી હતી અને તેમના ટાઇમટેબલ મુજબ મહેનત કરવાથી ચોક્કસ પરિણામ મળ્યુ છે. મનમાં પોઝિટીવ વિચારો ભરીને જનુન સાથે ભણવાથી સારુ પરિણામ પ્રાપ્ત થાય ઘરની આસપાસ રહેતા કેન્સરના દર્દીઓને જોઇને કેન્સર સર્જન બનવાનુ સ્વપ્ન ધરાવતી કાર્મેલ સ્કુલની ક્રિષ્ના પ્રજાપતિને અભ્યાસ કરાવવા તેણીની માતા આશાબેને શિક્ષક તરીકે રાજીનામુ આપ્યુ હતુ. જયારે પિતા નિલેશભાઇ નવા સચિવાલયમાં નોકરી કરે છે. રુદ્રા દેસાઇએ પણ આગળ અભ્યાસ કરી આર્મી ડોકટર બનવુ છે. તેના મતે વિષયના પાયાનુ શિક્ષણ મજબુત કરીને ધગશથી મહેનત કરવાથી સારુ પરિણામ આવે છે. ગુરુકુલ સ્કુલના દીશાંત ગજજરને પણ ડોકટર બનવાની ખેવના છે.કીશોરસરે અડધી રાત્રે પણ દાખલા શીખવ્યા હોવાનુ જણાંવતા દિશાંતે કાર્ડીયાક સર્જન બનવુ છે.





ભારત સરકારના આરોગ્ય વિભાગના અધિક સચિવ અને નેશનલ રૂરલ હેલ્થ મિશનના ડાયરેકટર ડૉ. મહેશ ઝાલાનીએ આજે ગાંધીનગર જિલ્લાના પુંધરા પ્રા.આ. કેન્દ્રની મુલાકાત લીધી હતી અને ત્યાં તેમણે હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર સહિત આરોગ્યના વિવિધ પ્રોગ્રામોની જાણકારી મેળવી હતી. તેમની આ મુલાકાત વેળાએ રાજ્યના આરોગ્ય કમિશ્નર જયંતિ રવિ તેમજ આરોગ્યના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાની તસ્વીર. તેમણે ગાંધીનગર તાલુકાના ઉનાવા પ્રા.આ. કેન્દ્રની મુલાકાત લીધા બાદ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પણ લક્ષ્ય કાર્યક્રમ અંતર્ગત થયેલ કામગીરી નિહાળી હતી.

## તેમણે મને મફત શિક્ષણ આપ્યુ મેં રીટર્ન ગીફટમાં માર્કશીટ આપી : મીહીર

ગાંધીનગર તા ૨૧

જીવનમાં આવતી સમસ્યાઓ તો આવે પણ કુદરતની દયાથી કોઇ હાથ પકડીને આગળ લઇ જવા માટે પણ મળી જાય છે. મુશ્કેલીની ક્ષણે પણ છાતી કાઢીને ચાલવુ જોઇએ. ગાંધીનગરમાં પોસ્ટમેન તરીકે ફરજ બજાવતા અશોકભાઇના પુત્રએ ૬૦૦માંથી ૫૬૫ ગુણ મેળવી તેજસ્વી વિદ્યાર્થીઓની યાદીમાં સ્થાન પ્રાપ્ત કર્યુ છે.માતાની બિમારી વચ્ચે આર્થિક સંકડામણમાં રહેતા આ તેજસ્વીના મતે વિના મુલ્યે શિક્ષણ આપવા માટે કિશોર કલાસીસે હાથ લંબાવ્યો તે ક્યારેય ભુલાશે નહી.

ગુરુકુલ સ્કુલના વિદ્યાર્થી મીહીરના માતા હંસાબેન છેલ્લા કેટલાક સમયથી બિમારીમાં સપડાયેલા હોવાથી બોર્ડની પરીક્ષાની તૈયારી કરવાનુ તેના માટે મોટી ચેલેન્જરૂપ બન્યુ હતુ. જયારે બિમાર માતાની પીડા સહી ન શકતા મીહિરે તે જ ક્ષણે ડોકટર બનવાનો નિર્ણય પણ કરી લીધો હતો. માતાની બિમારી અને આર્થિક સંકડામણ વચ્ચે અભ્યાસને ન્યાય આપવાનુ પણ અઘરુ હતુ. પરંતુ તેના જણાંવ્યા મુજબ કિશોરસરે આખુ વર્ષ એક પણ રૂપિયો લીધા વિના મને ભણાંવ્યો છે. અને આજે મેં તેમને રીટર્ન ગીફટમાં માર્કશીટ આપી છે. મીહીરે આગળ અભ્યાસ કરીને ડોકટર બનવુ છે. ગરીબ દર્દીઓની સેવા કરવી છે. ગુરુકુલ સેલ્ફ ફાઇનાન્સ સ્કુલમાં અભ્યાસ કરતા મીહીરના મતે કિશોરસરની ભણાવાની પધ્ધતિજ ખુબ રસપ્રદ છે. કોઈપણ વિદ્યાર્થીની ભણવામાં રસ પડે જ. જીવનમાં સમસ્યાઓ તો આવે પણ કુદરતના આર્શીવાદથી કોઇ હાથ પકડીને આગળ લઇ જવાવાળુ પણ મળી જાય છે. મારા હાથમાં પણ કિશોરસરે પેન પકડાવી દીધી તેમણે મને ધો -૧૨ સુધી મફત શિક્ષણ પુરુ પાડવાનો નિર્ણય લીધો છે.

## સે-૨૧માં ઉભરાતી ગટરથી નાગરીકો હેરાન

શહેરના સેકટર-૨૧ ની સોસાયટીમાં માર્ગ વચાળે ગટરના ગંદા પાણી ફરી વળતા સ્થાનિક વસાહતીઓ ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે. ગટરના




ગંદા ખાબોચીયમાંથી નાગરીકોને પસાર થવું પડે છે. ગંદા પાણીને લીધે મચ્છરોનો ત્રાસ વધી જવા પામ્યો છે. તંત્રને લેખિત તેમજ મૌખિક રજુઆત કરવા છતા આજદિન સુધી આ સમસ્યાનો ઉખેલ આવ્યો નથી. ત્યારે ગટરના ગંદા પાણીની સમસ્યાનો ઝડપી ઉકેલ આવે તેવી સ્થાનિક નાગરીકોની લાગણી અને માંગણી છે.

## વાહ રે.. ટીમની નજર ન પડે તે માટે સિવિલમાં લીફટની બાજુમાં "વાઈબ્રન્ટ દિવાલ"ઉભી કરી

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલની હાલત એક સાંધો ત્યાં તેર તુટે તેવી છે. ડોકટરોની અછત વચ્ચે પણ સિવિલ ડચકા ખાઈને




ચાલી રહી છે. લીફટમાં પાણી ભરાઈ જવાની સમસ્યાનો ઉકેલ આવ્યો નથી. ત્યારે મંગળવારના રોજ બપોરના સુમારે દિલ્હીથી ખાસ અધિકારીઓની ટીમ સિવિલની મુલાકાતે આવી હતી. આ ટીમના સભ્યો લેબર વોર્ડ, ગાયનેક ઓપરેશન થિયેટર અને એનઆઈસીયુ વોર્ડની ચકાસણી કરી હતી. આ અધિકારીઓની ટીમને પગલે સિવિલ તંત્ર ખડેપગે હતું. ત્યારે દિલ્હી થી આવેલી અધિકારીઓની ટીમની નજર દિવાલો પરના ગાબડા પર ના પડે તે માટે સિવિલ તંત્રએ ખાસ ધ્યાન રાખ્યું હતું. અધિકારીઓની ટીમ અને સચિવાલયના બિરાજમાન આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓની નજર લીફટની બાજુમાં આવેલ ઉબડ-ખાબડ દિવાલો પર ના પડે તે માટે તંત્ર દ્વારા ખાસ વ્હાઈટ કલરની "વાઈબ્રન્ટ દિવાલ" ઉભી કરવામાં આવી હતી. શહેરમાં મહાત્મા મંદિર ખાતે વિદેશી મહેમાનો આવે છે ત્યારે પણ આવી વાઈબ્રન્ટ દિવાલો ઉભી કરવામાં આવે છે.ત્યારે સિવિલ તંત્ર એ પણ દિવાલ ઉભી કરીને અધિકારીઓની નજરથી બચી શક્યા હતા.

## પેથાપુરમાં ૪૫ કિલો પ્લાસ્ટિક પકડાયુ

ગાંધીનગર, તા. ૨૧


સ્વચ્છતા સર્વેક્ષણ આવી રહ્યુ હોવાથી પેથાપુર નગરપાલિકા દ્વારા પણ પ્લાસ્ટીક સામે ઝુંબેશ સઘન બનાવી છે. નગરપાલિકાએ વિવિધ વિસ્તારોમાં ચેકિંગ હાથ ધરી ૪૫ કિલો પ્લાસ્ટીકનો જથ્થો કબ્જે લઈ વેપારીઓ સામે દંડનીય કાર્યવાહી કરી છે. તંત્રએ રૂ. ૫૩૦૦ જેટલો દંડ વસુલી લીધો છે.

પેથાપુર ન.પા.ના ચીફ ઓફિસર વી.એસ. પ્રજાપતિ, હેડ કલાર્ક શામળભાઈ પ્રજાપતિ, સેનટરી ઈન્સ્પેક્ટર ભાવેશભાઈ રાઠોડ અને કર્મચારીઓની ટીમો બનાવી આ કામગીરી કરવામાં આવી હતી. પેથાપુર ન.પા.એ નવા સ્વચ્છતા સર્વેક્ષણમાં સ્થાન વધુ મજબુત બનાવવા સંકલ્પ કરેલ છે અને ટુંકમાં જ આ સર્વેક્ષણ હાથ ધરવામાં આવનાર છે.

## ગ-૪ પાસે મહિન્દ્રા ઝાયલો અને રીક્ષા વચ્ચે અકસ્માત

ગાંધીનગર, તા. ૨૧ ફોટો શહેરના ગ-૪ પાસો મંગળવારે બપોરના સુમારે અકસ્માત સર્જાયો હતો. ઝાયલો પર બેફામ ગતિએ વાહનો દોડતા નજરે પડે છે. વાહન ચાલકો ટ્રાફિક નિયમનનું પાલન કરતા નથી. શહેરના માર્ગો પર દોડતા વાહનોમાં પલ્ટી મારી ગઈ હતી. રીક્ષાને મોટી માત્રામાં નુકશાન પહોંચ્યું હતું. જયારે રીક્ષામાં સવાર મહિલા, બાળક અને રીક્ષા





ગાડી અને રીક્ષા વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં રીક્ષા પલ્ટી મારી ગઈ હતી. જેને પગલે રીક્ષામાં સવાર મહિલા, બાળકને તેમજ ચાલકને ઈજા પહોંચતા તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવાયા હતા. જયા સારવાર બાદ મહિલાનો વધુ સારવાર અર્થે અમદાવાદ સિવિલ લઈ જવાયા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર શહેરના ચકાચક માર્ગો રોજ નાના મોટા અકસ્માત સર્જાય છે. તેમા કેટલાક જીવલેણ પણ સાબિત થાય છે.

ત્યારે મંગળવારના રોજ બપોરના સુમારે મહાત્મા મંદિરથી ઘ-૪ તરફ જઈ રહેલી રીક્ષા નં. જીજે૧૮.એ.વી.-૨૭૮૫ નો ચારરસ્તા પાસે કોલેજ તરફથી આવી રહેલી મહિન્દ્રા ઝાયલો ગાડી નં. જી.જે.૧૮.બી.જી.-૩૨૪૬ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં ઝાયલોની અડફેટે રીક્ષા ચલાકને ઈજા પહોંચતા તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ જવાયા હતા. પરંતુ મહિલાને વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ રીફર કરાયા હતા. જયારે નાના બાળક અને રીક્ષા ચાલકને સામાન્ય ઈજા પહોંચી હતી. ત્યારે ગ-૪ પણ દિવસો ને દિવસો અકસ્માત ઝોન બનતો જાય છે. આ સ્થળ પર નાના મોટા અકસ્માત દિવસ દરમિયાન સર્જાતા હોય છે.

## સેકટર-૨૮ જીઆઈડીસી ખાતે મારામારીના દ્રશ્યો સર્જાયા

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરના સેકટર-૨૮ જીઆઈડીસી વિસ્તારમાં રૂપીયાની લેતીદેતી મામલે બે પ્લોટ ધારકો વચ્ચે છેલ્લા કેટલાક સમયથી રકઝક ચાલી રહી છે. જુના હિસાબ અને પ્લોટની બાજુમાં ખોદેલા ખાડા અંગે માથાકુટે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા મારામારીની ઘટના બનવા પામી હતી. પથ્થરના વેપાર સાથે સંકળાયેલા વેપારી પિતા-પુત્ર અને બિલ્ડર પિતા-પુત્ર વચ્ચે સર્જાયેલી મારામારીની ઘટનામાં બિલ્ડર પિતા-પુત્ર અને અજાણ્સા બે શખ્સો મળીને કુલ-૪ સામે ફરીયાદ નોંધાઈ છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ અમૃતભાઈ કાળીદાસ તેમજ ભાઈ ઈન્દ્રવદન સે-૨૮ ખાતે પથ્થરના વેપાર સાથે સંકળાયેલા છે. ઈન્દ્રવદનના નામે જીઆઈડીસીમાં જ ૯૦૯-૨ નંબરનો પ્લોટ આવેલ છે. સોમવારે સાંજે ફરીયાદી અને તેમના પિતા અહી હાજર હતા. ત્યારે શ્રી માધવકિશન ઈન્ફ્રાના પંકજ પરષોતમભાઈ પટેલ રહે. પ્લોટ નં. ૬૮૧-૧ સે-૨૩ અને તેમનો પુત્ર કૃપેશ બે શખ્સો સાથે આવ્યો હતો. ફરીયાદીના પ્લોટની બાજુમાં આવેલા બિલ્ડર પંકજભાઈ ના પ્લોટમાં ૬ માસ પહેલા ૧૦ ફુટ ઉંડા ખાડો કર્યો હતો.તે સમયે ફરીયાદીની દિવાલને નુકશાન પહોચ્યું હતું. જેથી ચોમાસાને ધ્યાને લઈ યોગ્ય કામગીરી કરવાનું કહેતા બિલ્ડર પિતા પુત્ર ઉશ્કેરાઈ ગયા હતા અને બંન્ન વચ્ચે રકઝક થઈ હતી ત્યારબાદ જુના હિસાબની વાત કરતા પંકજભાઈ પુત્ર કૃપેશ અને બે શખ્સોએ મળીને ફરીયાદી અને તેના પિતાને ગડદાપાટુનો માર માર્યો હતો. જેથી બનાવ અંગે સેકટર૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે તપાસ શરુ કરી છે.

## મગોડી પી. આર. ઠકકર વિદ્યા વિહારના વિદ્યાર્થીઓએ ધો-૧૦ના પરિણામમાં મેદાન માર્યું

ચિલોડા, તા.૨૧

ગાંધીનગર તાલુકાની મગોડી સ્થિત પી.આર. ઠકકર વિદ્યાવિહાર



શાળાના ધોરણ-૧૦ના જાહેર થયેલ પરિણામમાં મગોડી શાલાના વિદ્યાર્થીઓએ મેદાન માર્યુ છે. સમગ્ર શાળાનું પરિણામ ૯૫.૫૨ ટકા આવ્યું છે. શાળામાં પ્રથમ નંબરે રીયા પટેલ ૮૮.૫ ટકા, દ્વિતીય નંબરે પટેલ કશીશ ૮૪.૧૭ ટકા, તૃતીય નંબરે પટેલ દેવ તથા પટેલ શ્યામ ૮૨.૧૬ ટકા સાથે ઉત્તીર્ણ થયા છે. મગોડી શાળાનું પરિણામ સતત છઠ્ઠા વર્ષે પણ ૮૦ ટકાથી વધારે આવતા તેમજ મગોડી શાળાનું ગૌરવ વધારવા બદલ શાળાના આચાર્ય મનુભાઈ પ્રજાપતિએ તથા સંસ્થાના ઉપપ્રમુખ મફતભાઈ પટેલે તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## રાજયભરની ૨૦ આદર્શ નિવાસી શાળાઓનું એસ.એસ.સી.નું ૧૦૦ ટકા

### સરેરાશ ૯૫.૩૧ ટકા પરિણામ

ગાંધીનગર, તા. ૨૧

રાજયમાં આજે જાહેર કરવામાં આવેલ એસ.એસ.સી. બોર્ડના સરેરાશ ૬૬.૯૭ ટકા પરિણામ સામે વિકસતી જાતિ કલ્યાણ હેઠળની રાજ્યભરની કુલ-૩૩ પૈકી ૨૦ સરકારી આદર્શ નિવાસી શાળાઓનું ૧૦૦ ટકા પરિણામ તેમજ કુલ સરેરાશ ૯૫.૩૧ ટકા પરિણામ આવ્યું છે તેમ વિકસતી જાતિ કલ્યાણ ખાતાના સંયુકત નિયામકશ્રીની યાદીમાં જણાવાયું છે. આજના એસ.એસ.સી.ના પરિણામમાં રાજ્યભરની ૩૩ આદર્શ નિવાસી શાળાઓ પૈકી ૨૦ શાળાઓનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું છે. ૭ શાળાઓનું પરિણામ ૯૦ થી ૯૯ ટકાની વચ્ચે જયારે ૦૬ શાળાઓનું પરિણામ ૮૦ થી ૮૯ ટકા આવ્યું છે. નાપાસ થયેલ વિદ્યાર્થીઓને જુલાઈ માસમાં પૂરક પરીક્ષા દ્વારા ૧૦૦ ટકા પરિણામ લાવવાનો નિર્ધાર કરવામાં આવ્યો છે. એક દાયકાથી ઓબીસીની આ આદર્શ નિવાસી શાળાઓએ કેટલાંક વર્ષોમાં તો રાજ્યભરમાં સરેરાશ ૯૯ થી ૧૦૦ ટકા પરિણામ હાંસલ કર્યુ છે.

પછાત વર્ગોની શાળાઓના એસ.એસ.સી. બોર્ડના શ્રેષ્ઠ પરિણામ બદલ શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓને મંત્રી ઈશ્વરભાઈ પરમારે તેમજ રાજ્યકક્ષાના મંત્રી વાસણભાઈ આહિરે, નિયામક કે.જી. વણઝારા સહિત આચાર્યો અને શિક્ષકોએ અભિનંદન આપ્યા હતા.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ